ગાંધીનગરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા ક્યાં-ક્યારે ?

શ્રી પંચદેવ મંદિર	સેક્ટર-૨૨	પ્રયાણ
શોપીંગ સેન્ટર, શ્રી વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર	સેક્ટર-૨૨	૭.૦૫
૧૭-૨૨ થઈને શોપીંગ સેન્ટર	સેક્ટર-૧૭	૭.૨૦
શ્રી હનુમાનજી મંદિર	સેક્ટર-૧૭	૭.૩૦
વાયા નાગરિક બેંક શોપિંગ સેન્ટર, શ્રી બાલાજી મંદિર	સેક્ટર-૧૬	૮.૦૦
યુથ હોસ્ટેલ, સરકારી કોલેજ વાયા મહાત્મા મંદિર	સેક્ટર-૧૫	૮.૩૦
શ્રી લિંબચ માતા મંદિર-શોપિંગ સેન્ટર	સેક્ટર-૧૩	૯.૦૦
સેક્ટર-૧૨, શોપિંગ, શ્રી ઉમિયાધામ ચાર રસ્તા	સેક્ટર-૧૨	૯.૧૫
શ્રી ખોડિયાર મંદિર (સિવિલ હોસ્પિટલ)	સેક્ટર-૧૨	૯.૨૫
શ્રી ભુવનેશ્વર મહાદેવ/સંત રોહિદાસ મંદિર (માત્ર રથ)	સેક્ટર-૬	૯.૩૫
૬/૩ અને ૭/૨ થઈને શોપીંગ સેન્ટર	સેક્ટર-૭	૧૦.૧૫
શોપીંગ સેન્ટર	સેક્ટર-૮	૧૦.૩૦
એરફોર્સ/પોલીસ ભવન/આંકડા બ્યુરો, નવા સચિવાલય	સેક્ટર-૯/૧૦	૧૧.૦૦
પુછપરછ કચેરી અને 'ઘ'ટાઈપના મકાન	સેક્ટર-૧૯	૧૧.૩૦
વાયા વાણિજ્ય કોલેજથી અક્ષરધામ	સેક્ટર-૨૦	૧૧.૪૫
વાયા સેક્ટર-૩૦ ચાર રસ્તા, શ્રી ગુરૂદ્વારા	સેક્ટર-૩૦	૧૨.૧૦
શોપીંગ સેન્ટર, આર.ટી.ઓ., જાગૃતિ પાર્ક	સેક્ટર-૩૦	૧૨.૨૫
વિશામો શ્રી જલારામ મંદિર	સેક્ટર-૨૯	૧૩.૩૦થી ૧૫.૦૦
વિશામા બાદ પુનઃપ્રયાણ	સેક્ટર-૨૯	૧૫.૦૦
શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિર-શ્રી મહાકાળી મંદિર	સેક્ટર-૨૯	૧૫.૧૦
શ્રી દત્ત મંદિર (વાયા બાલોદ્યાન)	સેક્ટર-૨૮	૧૫.૨૦
શ્રી સોમેશ્વર મંદિર (એસ.આર.પી.)/શ્રી શિવ શક્તિ મંદિર	સેક્ટર-૨૭	૧૫.૫૦
શ્રી સાંઈ બાબા ચોક-સહકાર કોલોની	સેક્ટર-૨૪/૨૭	૧૬.૧૫
સેક્ટર-૨૪/૨૫, આદર્શનગર શોપીંગ સેન્ટર	સેક્ટર-૨૪	૧૬.૩૫
શ્રી આર્યસમાજ મંદિર	સેક્ટર-૨૪	૧૬.૫૫
ભારત નગર, ઈન્દીરા નગર, પાઠ્યપુસ્તક મંડળ	સેક્ટર-૨૪	૧૭.૧૦
શ્રી સ્વામિનારાયણ મંદિર	સેક્ટર-૨૩	૧૭.૩૦
શોપીંગ સેન્ટર	સેક્ટર-૨૩	૧૭.૪૦
આયુર્વેદ હોસ્પિટલ, શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ	સેક્ટર-૨૨	૧૮.૧૦
વાયા ૨૨/૨૯, ચ-૬, શ્રી વૈજનાથ મહાદેવ	સેક્ટર-૨૧	૧૮.૨૦
જિલ્લા પુસ્તકાલય, શાક માર્કેટ, શ્રી અંબાજી મંદિર	સેક્ટર-૨૧	૧૮.૪૦
શ્રી પંચદેવ મંદિર પરત	સેક્ટર-૨૨	૧૯.૩૦

સમાચાર ઝલક

- **બળાત્કારના ગંભીર આરોપ બદલ ફ્રાન્સના વાણિજ્ય દૂતાવાસના અધિકારીની ધરપકડ.**
- **કેશોદના ધારાસભ્ય શ્રીમતી વંદનાબેન મકવાણાને લીંબડી નજીક અકસ્માત, વંદનાબેનની હાલત નાજૂક.**
- **આંધ્રના પોલીસ વડા શ્રી દિનેશ રેડ્ડીની નિયુક્તિ 'કેટ' એ રદ્દ કરી.**
- **સૂર્યપ્રકાશ અને તાજી હવા મળે તે માટે કસાબને રોજ કસ્ટડીની બહાર કઢાય છે.**
- **ગુજરાત યુનિવર્સિટી માન્ય સ્વનિર્ભર કોમર્સ કોલેજોમાં ફી વધારો નહિ થાય.**
- **પાકિસ્તાનની મહિલા ગાયક - ગઝાલા જાવેદ અને તેના પિતાની અજાણ્યા બંદૂકધારીઓ હત્યા કરી.**
- **નાઇજીરીયામાં ઇસ્લામી આતંકવાદી જૂથ દ્વારા બોમ્બ હુમલો કરવાથી ૭૫ નાં મોત.**
- **અમદાવાદને પ્રદૂષણ મુક્ત કરવા ૫૦૦ કરોડ રૂપિયા ખર્ચાશે.**
- **'ચારિત્રથી ઇચ્છાનું નિર્માણ થાય છે' અને 'કર્મથી ચારિત્ર્યનું નિર્માણ થાય છે, જેના જેવા કર્મ હશે તેવી ઇચ્છા થશે' : શ્રી નરેન્દ્રભાઇ મોદીનું ટ્વીટ.**
- **આણંદના આકાંક્ષા ક્લિનીકમાં સરોગેટ મધ્યથી ૫૦૦ માં (પાંચસોમાં) બાળકનો જન્મ થયો. ગ્રિનીશ બુક ઓપ વર્લ્ડ રેકોર્ડમાં નોંધ લેવાશે.**
- **બનાસકાઠામાં બાજરીનું 'બમ્પર' ઉત્પાદન થયું, આરબ દેશોમાં બાજરીની નિકાસ થાય છે.**
- **'બેટી બચાવો'ને આંદોલન સફળ નહિ થાય તો, ૨૦૨૦ સુધીમાં અઢી કરોડ 'ઢાંઢા રહી જશે વાંઢા.'**
- **૨૧મી સદીનું અર્થતંત્ર 'ગૌ' આધારિત રહેશે : ગૌસેવા આયોગના ચેરમેન શ્રી વલ્લભભાઇ કથીરિયા.**
- **ગતરાત્રિએ ગુજરાતમાં રિક્ટર સ્કેલ ૫.૦ નો ધરતીકંપ થયો હતો, ત્યાર બાદ આફ્ટર શોક ચાલુ રહ્યા હતા, કોઇ નુકશાન-જાનહાનિ નહીં.**

વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

પ્રતિમાબેન રસિકલાલ પરીખ
(૧૯૪૪) ફોનઃ૨૩૨૨૭૨૫૩



નટુભાઈ કે. દરજી (એસ.ટી.)
(૧૯૪૮) મો.૯૮૨૪૬૯૧૯૨૬

દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૦

આદિવાડા ગામના રહેવાસી મનુજી મકવાણાના ધર્મપત્ની કાસીબા મનુજી મકવાણાનો સ્વર્ગવાસ ૧૭મી જૂન-૨૦૧૨ના રોજ થયો હતો. સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળે તે હેતુથી આજે તા. ૨૧મી જૂન-૨૦૧૨ને ગુરુવારે સવારે ૯ થી ૨ વાગ્યા દરમિયાન ગામ આદિવાડા, મકવાણા વાસ ખાતે બેસણાનું આયોજન કરવામાં આવ્યું છે જેની સર્વે સગાસંબંધીઓએ નોંધ લેવી.

શબ્દાવલી - ૪૭૬૪



આડી ચાવી

૧. નોકરી - ધંધો (૪)
૬. સ્વપ્ન, સપનું (૩)
૭. જથ્થાબંધ (૪)
૯. એક મિઠાઇ (૫)
૧૦. હક્કનું માંગણુ, લાગો (૨)
૧૨. મનુષ્યમાં રાક્ષસ કે એવું વર્તન (૫)
૧૩. એક કઠોળ (૨)
૧૪. બિછાનું, ચટ્ટાઇ (૩)
૧૫. બનાવેલું કે ગોઠળી દીધેલું (૬)
૧૭. સાંઠેકડી (૨)
૧૮. એકદંત (૩)

ઊભી ચાવી

૧. ખીડકી, બારી (૫)
૨. યમ, યમરાજ (૨)
૩. ગીત, ગાયન (૨)
૪. ક્ષણભર, પ્રલભર (૪)
૫. હાલવું ચાલવું તે (૬)
૭. કાણુ, છેદ (૨)
૮. બાકી બચેલું, વધારાનું (૨)
૯. નિરાશા (૩)
૧૧. એક વાનગી (૫)
૧૩. કીષ્કિંધા નગરીનો કપિ નરેશ સુગ્રીવનો ભાઇ (૨)
૧૪. કેંચી, કાપવાનું ઓજાર (૩)
૧૫. સાર, અર્ક (૨)
૧૬. દેવું, કરજ (૨)

શબ્દાવલી ૪૭૬૩ના જવાબ

આડી ચાવી :- (૧) ખાસિયત (૫) ચતુર (૭) તિરસ્કાર (૮) રસ્તો (૯) કરવટ (૧૧) કાટમાળ (૧૩) રીસાળ (૧૫) તોલ (૧૬) તોફાની (૧૯) કજિયો (૨૧) લપ (૨૩) કનીજ (૨૪) જટાયુ

ઊભી ચાવી :- (૧) ખાતિરદારી (૨) સિરસ્તો (૩) યસ્કા (૪) તરકટ (૫) ચળવળ (૬) રદ (૧૦) રમા (૧૧) કાળ (૧૨) ગાલ (૧૪) સામાજિક (૧૭) ફાળ (૧૮) નીપજ (૨૦) યોની (૨૨) વાયુ

સેકટર-૭-ડીમાં કૂતરાઓનો ભયંકર ત્રાસ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની સેકટર-૭-ડી શહેરીજન સંસ્થાએ તાજેતરમાં ગાંધીનગર મહાનગરપાલિકા કમિશ્નરને સેકટરમાં કૂતરાઓના કરડવાના અને લોકોની પાછળ ભસીને દોડવાના અનેક બનાવો સંદર્ભે લેખિતમાં જાણ કરી કૂતરાઓના ત્રાસને દૂર કરવા રજૂઆત કરી છે.

શહેરમાં કૂતરાઓનો ત્રાસ વધી ગયો છે. કૂતરાઓનો ત્રાસ દૂર કરવાનો કાયમી ઉકેલ આવતો નથી. જયારે જયારે ફરિયાદો થાય છે ત્યારે ત્યારે અમદાવાદથી કૂતરા પકડવાની ટીમ અને વાન એક-બે દિવસ આવે છે. અને ગણ્યા-ગાંઠયા કૂતરાઓ પકડીને ચાલતી થાય છે. ચોમાસાની ઋતુ શરૂ થતાં જ કૂતરાઓનાં કરડવાના પ્રસંગો બહાર આવ્યા છે. છેલ્લા દશ દિવસમાં સેકટર-૭-ડીમાં ચાર કૂતરા કરડવાના બનાવો બન્યા છે. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં અને ખાનગી દવાખાનાઓમાં દરરોજ ચારથી પાંચ કૂતરા કરડવાના કેસો નોંધાય છે. એક સેકટરમાં ૧૦૦ જેટલા કૂતરાઓ છે. ત્રીસ સેકટરમાં લગભગ ત્રીસ હજાર જેટલા કૂતરાઓનો ત્રાસ ઊભો થયો છે.

વહેલી સવારે દૂધ કેન્દ્ર ઉપર જતાં લોકો પર કે પછી સમી સાંજે, રાત્રે દ્વિચક્રી વાહનો પર જતાં ચાલકો પર એક સામટા ત્રણ-ચાર કૂતરાઓ દોડે છે, જેને કારણે વાહન સવાર પડી જાય છે ને નાના અકસ્માતો સર્જાય છે. કૂતરાં કરડે છે. ક્યારેક તો વળી ફોરવીલ ગાડીની પાછળ દોડાદોડ કરીને ભસે છે. સેકટર-૭-ડીમાં બગીચા પાસે, ધોબીના ગલ્લાં પાસે, પ્લોટ નં. ૧૨૨૬ પાસેના કોમન પ્લોટમાં, પ્લોટ નં. ૧૨૫૦ના કોમન પ્લોટમાં તથા પ્લોટ નં. ૧૨૪૬, ડૉ. નાણાવટીના મકાન પાસે કૂતરાઓનો ત્રાસ વધી ગયો છે. રાત આખી કૂતરાઓ લડે છે, ભસે છે અને એકલદોકલ નીકળનાર પર કરડવા દોડે છે. સ્થાનિકજનો કૂતરાઓના આ ભયંકર ત્રાસથી રોષે ભરાયા છે. તંત્ર આ બાબતે જરૂરી કાર્યવાહી હાથ ધરે તેવું શહેરીજનો વિચારી રહ્યા છે

ગુજરાત રાજ્ય એનીમલ હસબન્ડ્રી સ્ટાફ કો-ઓ. સોસાયટીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય એનીમલ હસબન્ડ્રી સ્ટાફ ક્રેડિટ સોસાયટી લિ.ની ૪૬મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં સભાસદો દ્વારા કારોબારી સભ્યોને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પશુપાલન ખાતાના નિયામક ડૉ. એ. જે. કાછીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી વાર્ષિક સાધારણ સભામાં સોસાયટીના પ્રમુખ ડૉ. ડી.બી. રાઓલે વર્ષ દરમિયાન થયેલી કામગીરીની કાર્યસિદ્ધિનો ચિતાર રજૂ કર્યો હતો. પશુ જૈવિક સંસ્થા ગાંધીનગરના સભાસદો દ્વારા તમામ કારોબારી સભ્યોને મોમેન્ટો અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કે.બી. પ્રજાપતિ અને ભોજકભાઈ દ્વારા લોક સાહિત્ય અને પ્રસંગને અનુરૂપ સંગીત કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. ડૉ. કાછીયા પટેલે હાલની કમિટી દ્વારા થઈ રહેલી કામગીરીને બિરદાવી હતી અને પોતે સભ્ય પદ મેળવ્યુ હતું. સોસાયટીમાં ચાલુ વર્ષે ત્રણ સભ્યોની મુદત પુરી થતાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં આર.ડી. ત્રિવેદી, વી.કે. ડી. પટેલ અને એમ.એસ. ગોહેલ બહુમતીથી વિજેતા થયા હતા. વિજેતાઓનું સન્માન પ્રમુખ ડૉ. ડી.બી. રાઓલે કર્યું હતું અને ઉમદા કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ઉપપ્રમુખ એન.કે. વાઘેલાએ કરી હતી.

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટની વાર્ષિક સભામાં બે વિરાંગનાઓનું સન્માન થશે

ગાંધીનગર, તા. ૨૦

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ અમૃતભાઈ મોઢે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૨૩મી જૂન-૨૦૧૨ને શનિવારે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, સેક્ટર-૭-બી, ગાંધીનગર ખાતે મળશે. જેમાં નગરની બે વિરાંગનાઓનું સન્માન કરવામાં આવશે.

ગાંધીનગરના વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટના ઉપક્રમે સૌરાષ્ટ્ર લેઉવા પટેલવાડી, સેક્ટર-૭-બી, ગાંધીનગર ખાતે તા. ૨૩મી જૂન-૨૦૧૨ને શનિવારે સવારે ૧૦ કલાકે વાર્ષિક સાધારણ સભામાં ગાંધીનગરની બે વિરાંગનાઓ સર્વશ્રી મંજૂલાબેન પંચાલ અને નીતાબેન ભટ્ટનું મહિલા શૌર્ય પ્રતીક ગાંધીનગરના ડી.એસ.પી. અર્ચના શિવહરે અને ટ્રસ્ટના શુભેચ્છક મહિલા મહોદયાના વરદ હસ્તે અર્પણ કરવામાં આવશે. સમગ્ર શુભેચ્છા સમારંભમાં આમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા ખાસ જણાવવામાં આવ્યું છે.

વિઘ્નેશ્વરી પરિવાર દ્વારા સન્માન સમારંભ યોજાયો

માણસા, તા. ૨૦

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રથમ વખત માણસાની તમામ શાળાઓના ધો-૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

માણસાના મકખાડ રોડ પર આવેલ પાલઈ વિઘ્નેશ્વરી ધામ ખાતે માણસાની તમામ શાળાઓમાં અભ્યાસ કરતા જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ અને ૧૨માં પ્રથમ, દ્વિતીય અને તૃતીયક્રમ પ્રાપ્ત કર્યો હોય તેવા તમામ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાહિત્યકાર રઘુવીરભાઈ ચૌધરી, પ્રો. પી.પી. રાઓલ, દિનેશભાઈ વ્યાસ, ગોવિંદભાઈ પટેલ સહિત અન્ય અગ્રણીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

રાજ્યભરમાં ભૂંકપ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઉપર જ ભયનાં ઓથાર તળે વિતાવી હતી. જ્યારે પૂર્વ વિસ્તારમાં ભૂકંપના આંચકાનો ખાસ કોઈ અનુભવ થયો ન હતો. જ્યારે ધોળકામાં ધડાકા સાથે ભૂકંપના આંચકાનો ખાસ કોઈ અનુભવ થયો ન હતો. જ્યારે ધોળકામાં ધડાકા સાથે ભૂકંપનો આંચકો નોંધાયો હતો. જ્યારે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત મોટાભાગમાં પણ ભૂકંપની અસર નોંધાઈ હતી. જો કે ગુજરાતમાંથી કોઈપણ જગ્યાએથી જાન-માલને નુકસાનના કોઈ સમાચાર પ્રાપ્ત થયા નથી પરંતુ જે લોકોએ ભૂકંપનો આંચકો અનુભવ્યો તેમનામાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. દરમિયાન આ ભૂકંપના આંચકાબાદ કેટલાક આફટર સોક પણ નોંધાયા હતા. જ્યારે તંત્ર તરફથી લોકોને કોઈપણ પ્રકારની અફવામાં ધ્યાન આપ્યા વિના શાંતિ જાળવી રાખવાની અપીલ કરી હતી.

આજે આત્મન ફાઉન્ડેશનની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની સેવાભાવિ સંસ્થા આત્મન ફાઉન્ડેશનની વાર્ષિક સામાન્ય સભા આજે તા. ૨૧મી જૂન-૨૦૧૨ને ગુરુવારે સાંજે ૬.૨૦ કલાકે એચ.બી. વરિયા, ૬૦૮, એકતા કોલોની, સેક્ટર-૨૭, ગાંધીનગર ખાતે યોજાશે. સંસ્થાની વાર્ષિક સમાન્ય સભામાં નવા વર્ષના હોદ્દેદારોની વરણી, વર્ષ ૨૦૧૧-૧૨નો વાર્ષિક અહેવાલ તથા નવા વર્ષના આયોજનો અંગેચર્ચા-વિચારણા કરવામાંઆવશે. સંસ્થાની પ્રવૃત્તિઓના સહયોગીઓ, રસ-રુચિ ધરાવતા સહુને બેઠકમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

નિવૃત્ત આઈ.એ.એસ. સી. એલ. મીનાની ગુજરાત સિવિલ સર્વિસીઝ ટ્રીબ્યુનલમાં નિમણૂક

ગાંધીનગર, તા. ૨૦

રાજ્ય સરકારે નિવૃત્ત આઈએ.એસ શ્રી સી.એલ.મીનાની પ્રમુખ ગુજરાત સીવીલ સર્વીસીઝ ટ્રીબ્યુનલ ગાંધીનગર તરીકે નિમણૂંક કરીછે. શ્રી સી.એલ.મીનાની નિમણૂંક શ્રી જે.મહાપાત્રની જગ્યાએ કરવામાં આવી છે.

કીડ ઝીના બાળકોએ 'જય રણછોડ માખણચોર'ના નારા સાથે રથયાત્રા ઉજવી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની સેક્ટર-૮માં આવેલી કીડ ઝી સ્કૂલ દ્વારા રથયાત્રાના પૂર્વ દિને ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું અદ્‌ભુત અને અચરજભર્યું આયોજન કરવામાં આવ્યું હતું.

એક દિવસ અગાઉ કીડ ઝી સ્કૂલના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ વિવિધ ટ્રેડીશનલ ડ્રેસમાં ઊંટગાડી સાથે જોડાઈને ભગવાન જગન્નાથજીની રથયાત્રા સેક્ટર-૮માં ફરીને કાઢી હતી. 'જય રણછોડ માખણ ચોર'ના નારા સાથે વિદ્યાર્થીઓએ રથયાત્રામાં જોડાઈને ભક્તિમય રીતે ભાવમય વાતાવરણ સર્જીને વસાહતીઓને મગ, જાંબુ, કાકડીનો પ્રસાદ વહેંચીને મઝા માણી હતી.

અમદાવાદમાં ડોઈચ્ચ બેંકની શાખાનો આરંભ

ડોઈચ્ચ બેંક ઈન્ડીયાએ આજે અમદાવાદમાં તેની ભારતની ૧૬મી શાખાનો અધિકૃત રીતે પ્રારંભ કર્યો છે. આ શાખાનું ઉદઘાટન બેંકના કોઈન્સીઈઓ, એશિયા પેસિફિક શ્રી ગણિત ચઢ્ઢા અને કો-સીઈઓ, એશિયા પેસિફિક શ્રી એલન કોલેટેએ કર્યું હતું. બેંકની આ ગુજરાત ખાતેની પ્રથમ શાખા છે. અમદાવાદમાં ગુલબાઈ ટેકરા ખાતે આ શાખા ગ્રાહકોને પર્સનલ અને બિઝનેસ બેંકીંગ પ્રોડકટસ અને સર્વિસિસની સંપૂર્ણ શ્રેણી પૂરી પાડશે, જેમાં કરન્ટ અને સેવીંગ્સ એકાઉન્ટ જેવી ડિપોઝીટ પ્રોડકટસ તથા ઈન્સ્યોરન્સ જેવી વેલ્થ મેનેજમેન્ટ પ્રોડકટસ, ઈન્વેસ્ટમેન્ટ પ્રોડકટસ તથા હોમ અને બિઝનેસ લોનનો સમાવેશ થાય છે.

ગ્રાહકો ડોઈચ્ચ બેંકની માલિકીનો તથા સહયોગી એટીએમ, ફોન બેંકીંગ અને ઈન્ટરનેટ બેંકીંગનો ઉપયોગ કરી સુગમતા પ્રાપ્ત કરી શકશે. બેંક હાલમાં ગુલબાઈ ટેકરા, રાયપુર દરવાજા, આશ્રમ રોડ, જોધપુર ગામ અને મણીનગર સહીત પાંચ એટીએમ ધરાવે છે. વધુમાં બેંક અમદાવાદના કોર્પોરેટ ગ્રાહકોને ઈન્વેસ્ટમેન્ટ બેંકીંગ, કેશ મેનેજમેન્ટ, ટ્રેડ ફાયનાન્સ તથા ટ્રસ્ટ અને સિકયોરીટીઝ સર્વિસીસ જેવી નવતર પ્રકારની અને સુસંકલિત સર્વિસીસ પૂરી પાડશે. પોતાની એસેટ મેનેજમેન્ટ કંપની દ્વારા ડોઈચ્ચ બેંક ગ્રુપ પાંચ હજારથી વધુ કોર્પોરેટ અને રિટેઈલ ગ્રાહકોને સર્વિસીસ પૂરી પાડી રહી છે.

જેલભરો કાર્યક્રમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર તાલુકાનો કાર્યક્રમ ચિલોડા ખાતે ગોવિંદભાઈ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, વાડીભાઈ પટેલ, પૂનમભાઈ મકવાણા, કોદરભાઈ પટેલ, નિતીનભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, એચ.એમ. પટેલ, પરેશ પટેલ, રણજીતસિંહ વાઘેલા, દિલીપસિંહ વાઘેલા, શૈલેષ પટેલ તથા સંજયજી ઠાકોરના નેતૃત્વમાં જેલભરો કાર્યક્રમ યોજાશે.

જ્યારે ગાંધીનગર શહેરમાં સાંજે ચાર વાગે પથિકાશ્રમ સર્કલ ખાતે આ કાર્યક્રમ યોજાશે. દરમ્યાન બક્ષીપંચ સેલના શ્રી જયેશ ચૌધરીના જણાવ્યાનુસાર કોબા, નભોઈ, સુઘડ, પોર, અમિયાપુર, કુડાસણમાં બક્ષીપંચના આગેવાનો સાથે મળી પત્રિકા વિતરણ કરેલ છે તેમજ બેઠકો યોજી કાર્યક્રમને સફળ બનાવવાનું આયોજન જિલ્લાના આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું છે.

વાહનચોરને ઝડપ્યા.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ ભવાનસિંહ તેમજ હરીભાઈને મળેલી બાતમીના આધારે પોલીસે ધમાસણા-કલોલ માર્ગ પર વોચ ગોઠવી હતી. આ વેળાએ બાતમી મુજબ બાઈક પર આવતા ત્રણ ઈસમોને કોર્ડન કરી પોલીસે અટકાવી દીધા હતા. જ્યારે પુછતાછ દરમિયાન આ ત્રણેય રાજુજી ઉર્ફે રાજીયો બળદેવજી અમાજી ઠાકોર, સંજય ઉર્ફે કાલી જયંતીજી કેશાજી ઠાકોર તેમજ ટીનાજી રામાજી ઠાકોરે (રહે. ધમાસણા) પાસેથી નંબર વગરનું સ્પ્લેન્ડર બાઈક કબજે લીધુ હતુ. જે અંગે પુછતા આ બાઈક ચોરીનું હોવાનું માલુમ પડ્યુ હતુ. પોલીસના હાથે ઝડપાયેલ આ ત્રણેય આરોપી પૈકી રાજુ બળદેવજી ઠાકોર અગાઉ પણ બાઈક ચોરીના ગુનામાં સંડોવાયેલો હોવાનું માલુન પડ્યું છે. આરોપીઓની વધુ પૂછતાછ દરમિયાન તેઓએ કલોલ તેમજ માણસા તાલુકાના વિસ્તારમાંથી ૧૦ જેટલા વાહનની ચોરી કદી હોવાની પણ કબૂલાત કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૬૦ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ભાજપનું હલ્લાબોલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સફાઈ થાય તે જોવા આગ્રહ કર્યો હતો.

વિપક્ષ ભાજપના આ આક્રમણ સામે કોંગ્રેસના શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે શહેરમાં ગંદકી ફેલાવવાનું કામ ગેરકાયદે દબાણો કરનારા કરી રહ્યા છે. દબાણની સત્તા સ્ટાફ સહિત કોર્પોરેશનને સરકાર આપે તો છ મહિનામાં અમે શહેર કેવુ સ્વચ્છ હોય તે કરી બતાવીશુ.

તેમણે જણાવ્યું હતું કે કોર્પોરેશનને સરકાર અન્યાય કરી રહ્યુ છે. સત્તાઓ સોંપતી નથી અને શહેરમાં કોર્પોરેશન રચાવા પછી પણ કેબ્રીઝ ચાર્જ ગુડા વસુલે છે. ગુડાએ કેટલા નાણાં વસુલ્યા તેનુ શ્વેતપત્ર બહાર પાડે.

શ્રી પટેલે જણાવ્યુ કે વિપક્ષના આક્ષેપમાં તથ્ય નથી કારણ કે ગુડાએ જ નગરના પ્રવેશ દ્વાર પર બોર્ડ માર્યુ છે કે સ્વચ્છ અને રળિયામણા નગરમાં તમારૂ સ્વાગત છે. ગુડા સરકારનું છે અને સરકાર વિપક્ષની છે એટલે કોણ સાચુ ? કાઉન્સીલરો કે સરકાર તેવો અણિયાળો સવાલ પણ તેમણે કર્યો હતો.

શ્રી પ્રવિણ પટેલે પડકાર ફેંકતા જણાવ્યું હતું કે સત્તા સોંપણીનો મુદ્દો હોય કે પછી સ્ટાફ પેટર્ન મંજૂર કરવાની વાત હોય એક પણ મુદ્દે મેયરની સાથે વિપક્ષના નેતા સરકારમાં રજુઆત કરવા ગયા નથી. રચનાત્મક વિપક્ષ તરીકેની ભુમિકા ભજવવામાં નિષ્ફળ નિવડેલ ભાજપ હતાશામાં આવી બેફામ આક્ષેપબાજી પર ઉતરી આવેલ છે.

કોંગ્રેસના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડાએ પણ ભાજપના નેતાઓ વિધાનસભાની ચૂંટણીને લઈ લોકોને આકર્ષવા બેબાકળા બની આડેધડ પ્રસ્તાવો લાવી રહ્યા છે. સફાઈના મુદ્દે રજુઆતો મેયરને કરી જ નથી.

કોંગ્રેસના શ્રી જીતુ રાયકાએ પણ ભાજપની મતની રાજનીતિ છોડી અને મપનાની દરખાસ્તો માટે સરકારને સકારાત્મક અભિગમ અપનાવવા સમજાવે તેમ જણાવ્યુ હતુ.

કોંગ્રેસના શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ પણ સફાઈના મુદ્દે ભાજપ રાજનીતિ કરી રહ્યાંનો આક્ષેપ કર્યો હતો.

ભાજપના શ્રી સુરેશ મહેતાએ ઘ-૫ વિસ્તાર સહિત જાહેરમાં ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી હતી તેમજ કોંગ્રેસના કાઉન્સીલરો દબાણને બચાવવા માટે ફરે છે તેવો આક્ષેપ કરતાં સભાગૃહમાં ગરમાવો છવાઈ ગયો હતો.

કોંગીના શ્રી અશ્વિન વ્યાસે પણ ચર્ચામાં ભાગ લેતા સત્તા સોંપણી કરતાં કેમ સરકાર અચકાય છે તેવો મુદ્દો રજુ કર્યો હતો અને રાજનીતિમાં ઉતાવળા ન થવા જણાવ્યું હતું.

ચર્ચાનુ સમાપન કરતાં મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતુ કે કોર્પોરેશન પરિસ્થિતિથી સંપૂર્ણ વાકેફ છે એટલુ જ નહિ સતર્ક પણ છે. નિયમિત સફાઈ થાય છે રોજનો ૫૦ થી ૬૦ ટન જેટલો કચરો ઉત્પન્ન થાય છે. ઓછો સ્ટાફ છે એટલે કદાચ ક્યાંક મોડુ વહેલુ થતુ હશે પણ હવે કન્ટેઈનરો રોજેરોજ સાફ થાય તે માટે મોનીટરીંગ થવાનુ છે. તેમણે જણાવ્યુ હતુ કે દબાણકારો દ્વારા ગંદકી કરવામાં આવે છે તે વાત પ્રવિણભાઈની સાચી છે અને અમે કલેક્ટરને વારંવાર આ મુદ્દે કહ્યું છે.

રૂ. ૬૮ લાખના ખર્ચ અંગેની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતુ કે શહેરમાં સર્વેલન્સની કામગીરી તેમજ અર્બન મેલેરિયાની કામગીરી સહિતની બીજી સેવાઓમાં તે રકમનો ખર્ચ થઈ રહ્યો છે. બાયોલોજીસ્ટની જગ્યા મંજૂર થઈ આવી છે તે ભરવા માટેના જરૂરી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યુ કે સફાઈને સઘન બનાવવા માટે અદ્યતન સાધનો ખરીદવામાં આવી રહ્યા છે અને આગામી દિવસોમાં ડોર ટુ ડોર કલેક્શન પ્રોજેક્ટનો પણ પ્રારંભ થવાનો છે. મેયરે ચર્ચાના જવાબમાં કહ્યુ હતુ કે બે નવા ફોંગીંગ મશીનો ખરીદવાનો ઓર્ડર અપાઈ ચુક્યો છે બાકી સૌ સાથે મળી શહેર સ્વચ્છ બનાવીએ આક્ષેપો કરવા કરતાં સહિયારો પુરૂષાર્થ કરીએ એમ કહી ચર્ચા સમાપ્ત થયેલી અને બેઠક પૂર્ણ થયેલી જાહેર કરી હતી.